દાખલ કર્યા તારીખ : ૧૯/૧૨/૨૦૨૩
રજી. લીધા તારીખ : ૧૯/૧૨/૨૦૨૩
ફેંસલ કર્યા તારીખ : ૧૬/૦૬/૨૦૨૬

**ઝઘડીયાના મહે.એડીશનલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મું. ઝઘડીયા.**

દિ.કે.નં.૧૯૪/૨૦૨૩
આંક :–

દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ
સબ ડીવીઝન રાજપારડી.
તા. ઝઘડીયા, જિ.ભરૂચ. ...........વાદી.

**વિરુધ્ધ.**

બળવંતસિંહ ફતેસિંહ ઘરીયાના વારસ
દિલીપસિંહ બળવંતસિંહ ઘરીયા.
રહે. ઉચેડીયા,તા.ઝઘડીયા,જી.ભરૂચ. ..........પ્રતિવાદી.

બાબતઃ દાવો **:–૯૫૭૫–૩૮** પૈસા વસુલ લેવાનો

---

વાદી તરફે વિ.વ.શ્રી.આર.સી.પરમાર
પ્રતિવાદી તરફે એક તરફી

---

**૧.** વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી રહેલ છે કે, વાદી કંપનીની વર્તુળ નાના વરાછા રોડ, કાપોદ્રા અને સબ ડીવીઝન ઝઘડીયા મુકામે આવેલ છે.આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક છે. પ્રતિવાદીએ વીજ જોડાણ મેળવવા માટે અરજી આપતા પ્રતિવાદીને વીજ કનેકશન આપવામાં આવેલ અને તેઓનો ગ્રાહક નં.૪૦૭૨૭૦૦૪૯૧૩ છે. આ કામના પ્રતિવાદી પાસે વાદી કંપનીના વીજ વપરાશના બીલની રકમ પ્રતિવાદીએ નિયમિત ભરપાઈ કરવાની હોવા છતા ભરપાઈ કરેલ ન હોય

તા.૦૧/૦૮/૨૧ થી આજદીન સુધીના વાદી કંપનીના બાકી વીજ બીલની રકમ રૂા.૭૮૯૧–૫૬ પૈસા તથા ડીલે પેમેન્ટ ચાર્જીસની રકમ રૂા.૧૬૮૩–૮૨ પૈસા એમ મળી કુલ રકમ રૂા.૯૫૭૫–૩૮ પૈસા પ્રતિવાદી પાસે લેણા રહે છે. આ કામના પ્રતિવાદી વાદીને નિયમિત રીતે રકમ વસુલ આપતા નહી હોવાથી તેઓને લીગલ નોટીસ અને વકીલ નોટીસ આપેલ છે. આમ, છતા વીજ વપરાશની ચડત રકમ પ્રતિવાદીએ ભરપાઈ ન કરતા પ્રતિવાદીનું કાયમી ધોરણે વીજ જોડાણ કાપી નાખવામાં આવેલ છે. પ્રતિવાદીને વાદી કંપનીની લેણી રકમ પૈકી કોઈ રકમ આજદિન સુધી ભરપાઈ આપેલ ન હોવાથી વાદીને હાલનો દાવો કરવાની ફરજ પડેલ છે. દાવા અરજીમાં જણાવ્યા મુજબ વાદી કંપનીની કુલ લેણી રકમ દાવાની તારીખથી ૨૪ ટકાના ચડતા વ્યાજ તથા દાવાના ખર્ચ સહિત વાદી કંપનીના લાભમાં અને પ્રતિવાદી વિરુધ્ધમાં પ્રતિવાદીની દરેક પ્રકારની જાત તથા મિલકતથી વસુલ કરી શકાય તેવુ હુકમનામું કરી આપવા અરજી કરેલ છે.

**૨.** સદર કામે પ્રતિવાદી વિરુધ્ધ સમન્સ કાઢવામાં આવતા, દાવા સમન્સની ધોરણસરની બજવણી પ્રતિવાદી ઉપર થયેલ છે, પરંતુ પ્રતિવાદી હાજર ન રહેતા આંક–૬ થી પ્રતિવાદી વિરુધ્ધ હાલની કાર્યવાહી એકતરફીમાં ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**૩.** આ કામે વાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

વાદી તરફે રજુ થયેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવા

**<u>મૌખિક પુરાવા :–</u>**

(૧) આંક–૧૪ થી વાદી કંપની વતી ઉમેશ બચુસીગ નાયબ ઈજનેરનું પુરાવાનું સોગંદનામું

**<u>દસ્તાવેજી પુરાવાઃ–</u>**

(૧) આંક–૧૬ થી પ્રફોર્મા નં. ૧૨ ની ખરી નકલ

(૨) આંક–૧૭ થી ડી.પી.સી કેલ્કયુલેશન શીટની ખરી નકલ

(૩) આંક–૧૮ થી પ્રતિવાદીની બાકી રકમ અંગેનુ સ્ટેટમેન્ટની ખરી નકલ

(૪) આંક–૧૯ થી નોટીસની સ્થળપ્રત

(૫) આંક–૨૦ થી પોસ્ટ ખાતાની એકનોલેજમેન્ટ સ્લીપ.

ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવા વાદી તરફે રજુ કરવામાં આવેલ નથી

પ્રતિવાદી તરફે કોઈ જ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી.

(૪) ઉપરોકત વિગતે દાવાના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ આંક–૭ થી ઘડવામાં આવેલ છે.

**//મુદ્દા//**

| | |
|---|---|
| 1 | **Whether the plaintiff proves that the defendant is the customer of the plaintiff having customer No. 40727004913?** |
| 2 | **Whether the plaintiff proves that the plaintiff is entitled to recover Rs. 9575.38/- as an Energy Charge from the defendant?** |
| 3 | **Whether the plaintiff is entitled to get interest? If yes, at what rate?** |
| 4 | **Whether the plaintiff proves that the plaintiff is entitled for the relief as sought in the suit?** |
| 5 | **What order and decree?** |

(૫) ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) હા, આખરી હુકમ મુજબ

(૪) અંશતઃ હકારમાં

(૫) આખરી હુકમ મુજબ

(૬) ઉપરોકત નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**:::– કારણો–:::**

**મુદ્દા નં.૧ થી ૩**

ઉપરોકત તમામ મુદ્દાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોય હકીકતોનું પુનરાવર્તન નિવારવા એક સાથે ચર્ચવામાં આવેલ છે.

આ કામમાં વાદી તરફે સાહેદ **ઉમેશ બચુસીગ** નાયબ ઈજનેરશ્રીનું પુરાવાનું સોગંદનામું **આંક–૧૪** થી રજુ રાખેલ છે. જેમાં સાહેદે આંક–૦૧ની દાવા અરજીમાં જણાવેલ તમામ હકીકતો મુજબની હકીકતો જણાવેલ છે. સાહેદે પોતાના પુરાવામાં ઉપરોકત પેરા–૩ માં જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવા અનુક્રમે **આંક–૧૬ થી આંક–૨૦** સુધી રજુ રાખેલ છે. વાદી સંસ્થાએ પ્રતિવાદીને નોટીસ આપવા છતા બીલની રકમ નહી ભરતા વાદીએ દાવો કરેલાનું પુરાવામાં

જણાવે છે જે દસ્તાવેજી પુરાવા કે મૌખિક પુરાવાનું ખંડન કરતો કોઈ પુરાવો પ્રતિવાદી તર્ફે રજુ થયેલ નથી કે દાવા અરજીની હકીકતોનું ખંડન કરતો દાવા જવાબ પણ પ્રતિવાદીએ રજુ કરી તે મુજબનો પુરાવો રજુ કરેલ નથી. વાદી સંસ્થા એ પબ્લિક એટ લાર્જના સિધ્ધાંતના ધ્યાને લઈ કામ કરતી બોડી હોય, ચેકીંગ સ્કવોડના અધિકારીને પ્રતિવાદી સાથે કોઈ લેવા દેવા ના હોય યુક્તિ– પ્રયુક્તિ કરી ખોટા દસ્તાવેજી પુરાવા પ્રતિવાદી સામે ઉભા કરી પ્રતિવાદી સામે ખોટો દાવો કરી દાવાના સમર્થનમાં ખોટો પુરાવો આપેલ હોય તેવું માની શકાય નહી. તેવા સંજોગોમાં પ્રતિવાદીએ વીટનેશ બોક્ષમાં આવી જુબાની આપી ખંડનાત્મક પુરાવો અદાલત સમક્ષ આપેલ ન હોય, ત્યારે જી.સી.ડી. ૧૯૯૯(૨) માણેકરાવ વિ. વિધાધારા ના કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪ અન્વયે અદાલત પ્રતિવાદી વિરુધ્ધ યોગ્ય અનુમાન કરી શકાય તેવા તારણ ઉપર આવે છે. વાદી સંસ્થાએ પ્રતિવાદીને નોટીસ આપેલી પરંતુ જયારે પ્રતિવાદી ધ્વારા નોટીસની બજવણી થવા છતા હાજર થયેલ નથી અને આવી કોઈ નોટીસ ન આપ્યાનું ડીનાઈલ કરેલ ન હોય તેવા સંજોગોમાં આવી નોટીસ ન આપી હોય તેવું વિરુધ્ધનું પુરવાર ન થાય ત્યા સુધી ન માનવું યોગ્ય નથી. દાવા કામે વાદી સંસ્થા દ્રારા બીલની રકમ ઉપરાંત ડી.પી.સી.ની રકમની માંગણી કરેલ છે પંરતુ વાદી સંસ્થા આવો વ્યાજનો દર કઈ રીતે મેળવવા હકકદાર છે તે સંબંધી કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી. પરંતુ વાદીના પુરાવાનું ખંડન કરતો પ્રતિવાદીએ કોઈ ખંડનાત્મક દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે પુરાવાનું ખંડન કરવા પ્રતિવાદી અદાલત સમક્ષ પોતાનો મૌખિક પુરાવો રજુ કરવા હાજર રહેલ ન હોય વાદી સંસ્થા ડી.પી.સી.ની રકમ મેળવવા હકકદાર બનતા હોય તથા દાવાના કામે પ્રતિવાદી બાકી લેણી રકમ–૨૪ ટકા વ્યાજ તથા ડી.પી.સી.ની રકમ ચૂકવી આપે તેવી માંગણી કરેલ છે, પરતું વાદી સંસ્થા એ જાહેર જનતાના વિશાળ હિતમા કામ કરતી હોય, દિવાની કાર્યરીતી સંહિતા, ૧૯૦૮ ની કલમ–૩૪ મુજબ દાવા દાખલ તારીખથી વાર્ષિક ૦૬ ટકાના સાદા વ્યાજ સંબંધી હુકમ કરવો ઉચિત જણાતો હોય, મુદ્દા નં.૧ અને ૨ નો જવાબ હકારમાં તેમજ મુદ્દા નં.૩ નો જવાબ આખરી હુકમ મુજબ તથા તથા મુદા નં. ૪ નો જવાબ અંશતઃ હકારમાં ઠરાવામાં આવે છે.

**મુદ્દા નં.૫**

સદર દાવા બાબતે વાદી મુદ્દા નં.૧ થી ૪ પોતાની તરફેણમાં પુરવાર કરવામાં સફળ રહેલ હોય મુદ્દા નં.૫ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**//હુ ક મ//**

(૧) વાદીનો દાવો આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) પ્રતિવાદીને આથી એવો આદેશ કરવામાં આવે છે કે, વાદી વીજ કંપનીને વીજ બીલની રકમ રૂા.૭૮૯૧–૫૬ પૈસા (અંકે રૂપિયા સાત હજાર આઠસો એકાણુ અને છપ્પન પૈસા પુરા) તથા ડી.પી.સી.ની રકમ રૂા.૧૬૮૩–૮૨ પૈસા (અંકે રૂપિયા એક હજાર છસો ત્યાસી અને બ્યાસી પૈસા પુરા) એમ કુલ રૂા.૯૫૭૫–૩૮ પૈસા (અંકે રૂપિયા નવ હજાર પાંચસો પંચોતેર અને આડત્રીસ પૈસા પુરા) વાર્ષિક ૦૬ ટકાના વ્યાજથી દાવા દાખલ તારીખથી વસુલ થતાં સુધી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે. તેમજ જો પ્રતિવાદી ઉપરોકત રકમ ચૂકવવામાં નિષ્ફળ નિવડે તો વાદી સંસ્થા આ રકમ પ્રતિવાદીની હરેક પ્રકારની જાત તથા મિલકતથી વસુલ કરી શકશે.

(૩) દાવાનો ખર્ચ જે તે પક્ષકારોએ ભોગવવાનો રહેશે.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા.૧૬ મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખઃ ૧૬/૦૬/૨૦૨૬

( જયવીરસિંહ રાઠોડ )
એડીશનલ સિવિલ જજ
ઝઘડીયા
**(જજ કોડ–જીજે૦૧૬૯૫)**